# બેઝીક એન્જીનિયરીંગ અને એપ્લાઇડ સાયંસીસ વિભાગ, કૃઈટિકો, આકૃયુ, ગોધરા અને બ્રહ્માકુમારીઝ ગોધરાના દ્વારા સંયુક્ત પણે “સ્ટ્રેસ મેનેજમેંટ” વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરાયું

બેઝીક એન્જીનિયરીંગ અને એપ્લાઇડ સાયંસીસ વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા અને બ્રહ્મા કુમારીઝ ગોધરા દ્વારા સંયુક્ત પણે તારીખ ૦૩/૦૮/૨૦૨૨ના રોજ વિદ્યાર્થી અને કર્મચારીઓ માટે “સ્ટ્રેસ મેનેજમેંટ” વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બ્રહ્માકુમારીઝ ગોધરાના બી. કે. ઇલાબહેન અને બી. કે. રાનીબહેન, મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ ગોધરાના ડૉ. કનુભાઈ એચ. પટેલ, મ. શંશોધન વૈજ્ઞાનિક, કૃઈટિકો ગોધરાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ તેમજ કોલેજના સર્વે કરચારી ગણ ઉપસ્થિત રહેલ. સદર કાર્યક્રમમાં બ્રહ્માકુમારીઝ ગોધરાના બી. કે. ઇલાબહેન અને બી. કે. રાનીબહેન એ પોતાના જીવનમાં સ્ટ્રેસ મેનેજમેંટ કેવી રીતે કરી શકાય અને એવી પરિસ્થિતીનું નિર્માણ કરવું કે આપણાં જીવનમાં તણાવ ઉત્તપન જ ન થાય તે અંગે વ્યાખ્યાન દ્વારા માર્ગદર્શન આપેલ. કોલેજના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરેલ અને વિદ્યાર્થીઓને તથા સ્ટાફને સ્ટ્રેસ મેનેજમેંટ કરવા અને યોગ્ય જીવનશૈલી અપનાવા જણાવેલ. ડૉ. કનુભાઈ એચ. પટેલે શિસ્તબદ્ધ જીવન જીવવા અને સુટેવો વિકસાવી પોતાના અંગત અને વ્યાવસાયિક જીવનમાં સફળતા હાંસલ કરવા અંગે માર્ગદર્શન કરેલ. કાર્યક્રમના અંતે ડૉ. હાર્દિક એસ. શર્મા, મ.પ્રાધ્યાક દ્વારા ઉપસ્થિત સર્વેની આભારવીધી કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે રક્ષાબંધન પર્વનું આધ્યાત્મિક મહત્વ સમજાવી, બ્રહ્માકુમારીઝ ગોધરાના બી. કે. ઇલાબહેન અને બી. કે. રાનીબહેન દ્વારા ઉપસ્થિત તમામને રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધન ઉજવવામાં આવેલ હતી.








